# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/354 Dt. 07/03/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એકટ, ૨૦૨૩ અંગે અવેરનેસ અને ટ્રેનિંગ વર્કશોપ યોજાયો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગકારો અને વ્યવસાયિકોમાં ડિજિટલ ડેટા સુરક્ષા અંગે જાગૃતિ લાવવા તથા નવી કાનૂની જોગવાઈઓથી માહિતગાર કરાવવાના હેતુથી શુક્રવાર, તા. ૬ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એકટ, ૨૦૨૩ અંગે અવેરનેસ અને ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયાના, મુંબઇ ચેપ્ટરના તત્કાલિન પૂર્વ ચેરમેન શ્રી રવિકિરણ માનકીકરે સુરતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને વિસ્તૃત જાણકારી આપી હતી.

શ્રી રવિકિરણ માનકીકરે જણાવ્યું હતું કે, ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એકટ, ૨૦૨૩ ભારત માટે ખૂબ મહત્વપૂર્ણ કાયદો છે, જે ડિજિટલ પ્લેટફોર્મ પર વ્યક્તિગત માહિતીની સુરક્ષા સુનિશ્ચિત કરે છે. તેમણે સમજાવ્યું કે, કંપનીઓએ ગ્રાહકોની માહિતી એકત્ર કરતી વખતે પારદર્શિતા રાખવી ખૂબ જ જરૂરી છે અને માહિતીનો ઉપયોગ યોગ્ય હેતુ માટે જ કરવો જોઈએ. આ કાયદા હેઠળ ડેટા લીક અથવા ડેટાનો ગેરઉપયોગ થવા પર કડક દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ડિજિટલ યુગમાં ડેટા નવી સંપત્તિ સમાન બની ગયો છે, તેથી સંસ્થાઓ અને કંપનીઓએ ગ્રાહકો તથા કર્મચારીઓની વ્યક્તિગત માહિતીનું સંરક્ષણ કરવું અત્યંત જરૂરી બની ગયું છે.

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એકટ, ૨૦૨૩ હેઠળ કંપનીઓએ ડેટા એકત્ર કરવા, તેને સંગ્રહિત કરવા અને તેનો ઉપયોગ કરવા માટે સ્પષ્ટ નીતિ અપનાવવી જરૂરી છે. આ ઉપરાંત, ડેટા સુરક્ષા માટે યોગ્ય ટેકનોલોજી અને સાયબર સિકયોરિટી મિકેનિઝમ અમલમાં મૂકવા પણ અનિવાર્ય છે.

તેમણે ઉમેર્યું હતું કે, જો કોઈ સંસ્થા દ્વારા આ કાયદાની જોગવાઈઓનું પાલન ન કરવામાં આવે તો સરકાર દ્વારા ભારે દંડ અને કાનૂની કાર્યવાહી થઈ શકે છે. તેથી તમામ ઉદ્યોગકારો અને સંસ્થાઓએ ડેટા સુરક્ષાને પ્રાથમિકતા આપી ડિજિટલ સિસ્ટમોને વધુ સુરક્ષિત બનાવવાની દિશામાં પગલાં ભરવા જોઈએ.

શ્રી રવિકિરણ માનકીકરે વ્યવસાયિકોને આ કાયદાની જોગવાઈઓને સમજવા અને તેને વ્યવસાયમાં યોગ્ય રીતે અમલમાં મુકવાની જરૂરિયાત પર ભાર મુકયો હતો. તેમણે વર્કશોપ દરમિયાન હાજર સભ્યોને ડેટા પ્રોટેકશન સંબંધિત નિયમો, કંપનીઓની જવાબદારીઓ, ડેટા મેનેજમેન્ટ અને સાયબર સુરક્ષા સંબંધિત અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.

ચેમ્બરની બેન્કીગ (કો–ઓપરેટિવ સેકટર્સ) કમિટીના ચેરપર્સન ડો. જયના ભકતાએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરની સાયબર સિકયોરિટી કમિટીના ચેરમેન ડો. ચિંતન પાઠકે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સાયબર સિકયોરિટી કમિટીના એડવાઈઝર ડો. સ્નેહલ વકીલનાએ વકતાનો પરિચય કરાવ્યો હતો. જ્યારે બેન્કીગ (નેશનલાઈઝડ અને પ્રાઈવેટ) કમિટીના કો–ચેરમેન શ્રી મુકેશ ઝાવરે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ વર્કશોપમાં ઉદ્યોગ સાહસિકો, બેન્કીગ અને આઇટી ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.